/0

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ,
મુન્દ્રા રોડ, ભૂજ–કચ્છ. ૩૭૦૦૦૧
Email:- info@kskvkachchhuniversity.org

ફોન (૦૨૮૩૨) ૨૩૫૦૦૬
ફેક્સ (૦૨૮૩૨) ૨૩૫૦૧૨
web : kskvkachchhuniversity.org

રેફ:નં.:ક.યુ./BUTR/૦૯/ ૩૫૧૬ – ૩૫૨૮ તા.૧૬–૦૯–૦૯

પ્રતિ,

.......................

સભ્યશ્રી, BUTR,
કચ્છ યુનિવર્સિટી,
ભૂજ – કચ્છ

**વિષય:– તા. ૨/૯/૨૦૦૯ના રોજ મળેલ BUTRની મિટીગની મિનીટસ નોંધ મોકલવા બાબત.**

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે તા.૨/૯/૨૦૦૯ના રોજ મળેલ Board of University Teaching & Research ની મિટીગની મિનિટસ નોંધ આ સાથે સામેલ રાખી મોકલાવી રહયા છીએ જે વિદીત થવા વિનંતી.

**આભાર સહ,**

આપનો વિશ્વાસુ

કુલસચિવ

બિડાણ: ઉપર મુજબ

## તારીખ ૨'જી સપ્ટેમ્બર '૨૦૦૯નાં રોજ માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષસ્થાને મળેલ Board of University Teaching and Research ની મિટિંગની મિનિટ્સ નોંધઃ–

તા.૨/૯/'૦૯નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયે સમય ૧૧:૩૦ કલાકે માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષસ્થાને બોર્ડ ઓફ યુનિવર્સિટી ટિચિંગ એન્ડ રીર્સચની બેઠક મળેલ હતી. જેમાં નીચે મુજબ સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા.

| ક્રમ | સભ્યશ્રીઓનું નામ | હાજર / ગેર હાજર |
|---|---|---|
| ૧ | ડૉ. દર્શના બેન ધોળકીયા.<br>–માનનીય કુલપતિશ્રી (કા.) | હાજર |
| ૨ | ડૉ. કે.વી. ગોર.<br>–પ્રિન્સિપાલશ્રી,<br>એસ.ડી. શેઠીયા કોલેજ ઓફ એજયુ. મુન્દ્રા | હાજર |
| ૩ | ડૉ. બી.એસ. પટેલ.<br>–અધ્યક્ષશ્રી, શિક્ષણશાસ્ત્ર વિભાગ. | હાજર |
| ૪ | ડૉ. શ્રીધર રાજેશ્વરન.<br>–અધ્યક્ષશ્રી, અંગ્રેજી વિભાગ. | હાજર |
| ૫ | ડૉ. તુષાર આર. હાથી.<br>–અધ્યક્ષશ્રી, અર્થશાસ્ત્ર વિભાગ. | હાજર |
| ૬ | ડૉ. કે.એમ. ત્રિવેદી.<br>–અધ્યક્ષશ્રી, સંસ્કૃત વિભાગ. | હાજર |
| ૭ | ડૉ. એમ.જી. ઠક્કર.<br>–અધ્યક્ષશ્રી, અર્થ. અને એન્વા. વિભાગ | હાજર |
| ૮ | ડૉ. પી.એસ. હિરાણી.<br>–અધ્યક્ષશ્રી કોમ. અન્ડ મેને. વિભાગ. | હાજર |
| ૯ | ડૉ. જી.એ. બક્ષી.<br>–અધ્યક્ષશ્રી, કેમેસ્ટ્રી વિભાગ. | હાજર |
| ૧૦ | ડૉ. સુભાષ ભંડારી<br>–રીડર, અર્થ. અને એન્વા. વિભાગ. | હાજર |
| ૧૧ | ડૉ. બાલાજી રંગનાથન.<br>–રીડર, અંગ્રેજી વિભાગ. | હાજર |
| ૧૨ | ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની<br>–ડાયરેકટરશ્રી, એકેડેમિક સ્ટાફ કોલેજ,<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ | હાજર |
| ૧૩ | ડૉ. એલ. ચમયાલ<br>–પ્રોફેસરશ્રી,સ્કુલ ઓફ સાયન્સ,<br>એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા | હાજર |

Shyamji Krishna Verma Kachchh University
Bhuj-Kachchh
370001

માનનીય કુલપતિશ્રીએ સૌ સભ્યશ્રીઓને આવકાર્યા હતા ત્યારબાદ મિટીંગને આગળ ધપાવવા કુલસચિવને આદેશ આપેલ.

Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

એજન્ડા અનુસાર નીચે મુજબ ચર્ચા વિચારણા બાદ નિર્ણયો લેવામાં આવ્યા.

૧) **ગત મિટિંગની મિનિટ્સ નું વાંચન અને બહાલી :**

ગત મિટિંગની મિનિટ્સ નીચે મુજબના સુધારાઓ સાથે બહાલ રાખવામાં આવી.

**ઠરાવ: ૧** **ગત મિટિંગ ની મિનિટસ નાં ઠરાવ ક્રમાંક ૩ :** "સત્ર ફી સાથે સત્ર ફીના ૧૦% લેખે ત્રણ માસ સુધી લેઈટ ફી સ્વીકારી શકાશે. ત્રણ માસ બાદ ફી સ્વીકારવામાં આવશે નહી અને વિદ્યાર્થીનું રજિસ્ટ્રેશન રદ્દ કરવામાં આવશે. ત્યારબાદ વિદ્યાર્થી નવેસરથી રજિસ્ટ્રેશન કરાવી શકશે.જેમાં તેણે નવી પ્રક્રિયામાથી પસાર થવું પડશે એમ સર્વાનુમતે ઠરાવવામાં આવે છે." **આ ઠરાવને રદ્દ કરવામાં આવે છે**

**તથા**

**તા.૧૩/૪/૨૦૦૯ ની મિટિંગના મૂદ્દા નં ૨, ઠરાવ ક્રમાંક: ૪ ના પારા–૪** "ટર્મ ફી ભરવામાં ચૂક કરશે તો, જે તે ટર્મ ફીનાં ૧૦% લેખે પેનલ્ટી ફી દર માસે જેટલા માસ મોડૂ થસે તેટલા વધુમાં વધુ ત્રણ માસ લેવામા આવશે. ત્રણ માસ સુધી લેઈટ ફી સ્વીકારવામાં આવશે અને ત્રણ માસ બાદ મોડી ફી ભરનારનું રજીસ્ટ્રેશન રદ્દ કરવામા આવશે અને નવેશરથી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે." **ને પણ રદ્દ કરવામાં આવે છે. અન્ય મૂદ્દાઓ અને ઠરાવોને સર્વાનુમતે કાયમ રાખવામાં આવે છે.**

આમ ઉપરોકત સુધારાઓ સાથે ગત મિટિંગની મિનિટ્સને બહાલી આપવામાં આવેલ.

૨) **પીએચ.ડી. ગાઈડ તરીકે માન્યતા મેળવવા સંબંધે આવેલ અરજીઓ અંગે ચર્ચા–વિચારણા અને નિર્ણય**

**ઠરાવ :૨** **યુજીસી નાં UGC(Minimum Standards and Procedure for award of M.Phil./Ph.D. degree),Regulation 2009 થી પ્રસિધ્ધ થયેલ જાહેરનામા મુજબ નવા ધોરણો અમલમાં આવ્યા બાદ પીએચ.ડી. ગાઈડ તરીકે માન્યતા મેળવવા સંબંધે આવેલ અરજીઓને ધ્યાન પર લેવા ચર્ચા–વિચારણાના અંતે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.**

૩) યુજીસી ના તા. ૧૧/૭/૨૦૦૯ ના પ્રસિધ્ધ થયેલ જાહેરનામાં નાં અમલ બાબતે ચર્ચા વિચારણા અને નિર્ણય.

Shyamji Krishna Verma University BHUJ-Kachchh 370001

ઠરાવ :૩ યુજીસી નાં **UGC(Minimum Standards and Procedure for award of M.Phil./Ph.D. degree),Regulation 2009** થી પ્રસિધ્ધ થયેલ જાહેરનામા મુજબ **M.Phil./Ph.D.** નાં અભ્યાસક્રમો માટે નવા ધોરણો અમલમાં લાવવા બાબતે ચર્ચા વિચારણા ના અંતે નવા નિયમો ઘડવા નીચે મુજબનાં સભ્યશ્રીઓની એક સમિતિ રચવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

૧) ડૉ. કે.વી. ગોર
૨) ડૉ. એલ. ચમયાલ
૩) ડૉ.ભદ્રાયુ વચ્છરાજાની
૪) ડૉ. શ્રીધર રાજેશ્વરન
૫) ડૉ. તુષાર આર. હાથી
૬) કુલસચિવ – સેક્રેટરી

ઉપરોક્ત સભ્યશ્રીઓની સમિતિએ નિયમો તૈયાર કરવા હેતુ તા.૧૫ સપ્ટેમ્બર ૨૦૦૯ સુધીમાં તમામ અનુ. ભવનોના અધ્યક્ષો પાસેથી આ બાબતે સુચનો મંગાવવાનાં રહેશે તથા ત્યારબાદ બનતી ત્વરાએ ડ્રાફટ તૈયાર કરવાના રહેશે.

સમિતિ દ્વારા ફાયનલ ડ્રાફટ તૈયાર કરાયા બાદ માન. કુલપતિશ્રી ના અધ્યક્ષસ્થાને **BUTR** ની એક બેઠક યોજવાની રહેશે. જેમાં નવા નિયમો બાબતે અંતિમ નિર્ણય લેવાશે એમ સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

૪) અધ્યક્ષસ્થાનેથી જે રજુ થાય તે.

અ) સમાજકાર્ય વિષયમાં યુનિવર્સિટી માન્ય ગાઈડશ્રી ડૉ. રમેશ વાઘાણી નાં માર્ગદર્શન હેઠળ નોંધાયેલ પીએચ.ડી. સ્કોલર સિંહાર શીતલબેન દ્વારા યુનિવર્સિટી માં જમાં થયેલ સિનોપ્સીસ રજૂ કરવામાં આવેલ. સભ્યશ્રીઓએ સિનોપ્સીસના અભ્યાસ અર્થે સમય માંગતા **BUTR** ની આગામી મિટિંગમાં તે સિનોપ્સીસ બાબતે નિર્ણય લેવાશે તેમ નિર્ણય કરવામાં આવ્યો. (નોંધ: સૌ સભ્યશ્રીઓને સિનોપ્સીસની નકલ આપવામાં આવેલ).

અન્ય કોઈ મુદ્દા ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીનો આભાર માની મિટિંગ પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

**(Anil Gor)**
REGISTRAR
K.S.K.V. Kachchh University
Bhuj - KACHCHH.